# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર,આકૃયુ, દેવગઢ બારીયા ખાતે શિયાળૂ પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અને સંકલિત રોગ જીવાત નિયંત્રણની તાલીમનું આયોજન કરી બિયારણની કીટ વિતરણ કરવામાં આવી

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આકૃયુ, દેવગઢ બારીયા ખાતે ચાલતી ઓલ ઈન્ડિયા કો-ઓર્ડિનેટેડ રિસર્ચ પ્રોજેક્ટ ઓન ઇન્ટીગ્રેટેડ ફાર્મિંગ સિસ્ટમ અને આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે તા. ૧૭/૧૦/૨૦૨૩ ના રોજ **શિયાળૂ પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અને સંકલિત રોગ જીવાત નિયંત્રણ વિષય ઉપર એક દિવસીય તાલીમ કાર્યક્રમ અને કીટ વિતરણ પ્રોગ્રામનું** આયોજન કરેલ. આ તાલીમ કાર્યક્રમમાં ડૉ. વાય. બી. ચૌહાણ, યુનિટવડાશ્રી એ કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ યોજનાઓને લગતી માહિતીથી ખેડૂતોને વાકેફ કર્યા, તેઓશ્રી એ ઘઉં પાકમાં રોગજીવાત નિયંત્રણ વિશે પણ માહિતી આપી, ડૉ. સી. જે. પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા ઘઉં પાકની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતી અને પ્રવાહી જૈવિક ખાતરની ઉપયોગીતા તેમજ વાપરવાની રીત વિશે સમજ આપી, ડૉ. એચ. એન. ચૌધરી, ખેતી અધિકારી દ્વારા પ્રાકૃતિક ખેતી પધ્ધતી વિશે સમજ આપી. કાર્યકમના અંતે ઘઉં અને ચણા પાકના બિયારણનું વિતરણ કરવામાં આવેલ. આ એક દિવસીય તાલીમવર્ગમાં આંબલી, વડવા, નાનીમંગોઈ, ગઢવેલ અને બારા ગામના કુલ ૪૫ ખેડૂત ભાઈઓએ ભાગ લીધો હતો.

આ એક દિવસીય તાલીમનું સંપૂર્ણ સંકલન ડૉ. એચ. કે. દેસાઇ રીસર્ચ એસોસીએટ, શ્રી ડી. જે. ગોહિલ ખેતી મદદનીશ શ્રી વિ. જે. મોરી ખેતી મદદનીશ અને સપના એસ. મુનીયા યંગપ્રોફેશનલ દ્વારા કરવામાં આવેલ હતું.







